# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ભાડાની મેદની પર ઉભરાતી પીડ કયાં ગઇ?
ફરાર, ગુન્હેગારો પ્રત્યે તમારી ચીડ કયાં ગઇ?
ટોળી તીડની કાતરી ગઇ સદ્ભાવના ખોખલી -
ભિડાઇ ગયા ટીવી કોન્ફરન્સમાં, ભીડ કયાં ગઇ?
(કાર્યકરો, અધિકારીઓ પર નારાજ)

## હાઇકુ

ચરે ખેતર,
ફળદ્રુપ - મુંદ્રાનું -
મંજૂરી વિના..
(અદાણીને હાઇકોર્ટ સ્ટે)

પિડાય પ્રજા,
'અખિલ'- બિહારમાં
રડે સુરક્ષા..
(ચિંતા - બેઠક)

## ચિંતન

**સા ભાર્યા યા પ્રિયં બ્રૂતે સ પુત્રો યત્ર નિર્વૃતિઃ ।**
**તન્મિત્રં યત્ર વિશ્વાસઃ સ દેશો યત્ર જિવિકાઃ ॥**

'સાચા અર્થમાં, જે સદાય પ્રિય વચન બોલનારી છે એ જ પ્રિય પત્ની છે, જે સાચા અર્થમાં ચિંતામુક્ત નિવૃત્તિ અપાવે એ જ સાચો પુત્ર છે. (સુખચેન) જેનામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકાય. એ જ સાચો મિત્ર છે જે નિશ્ચિત આજીવીકા પ્રાપ્ત થાય એ જ સાચો દેશ છે.'

લગ્નજીવન એ માત્ર 'વાસનાપૂર્તિ'ની પ્રવૃત્તિ નથી, એ પવિત્ર યજ્ઞ છે. સંસારચક્ર અને સામાજિક વિકાસ માટે લગ્ન 'સંસ્થા' છે. એમાં પતિ-પત્ની એકમેકનાં પૂરક-સહાયક-આધાર બની જીવનની સમસ્યાઓ અને સુખદ પ્રસંગોમાં સામેલ રહી જીવનનો આનંદ માણે છે એમાં બન્નેમાંથી કોઇની જીભ-સ્વભાવ-વર્તન ખરાબ હોય તો જીવનનો આનંદ ઉડી જાય છે.

એવી જ રીતે 'સ્ત્રીભૃણ હત્યા' ના આ જમાનામાં 'પુત્રૈષણા' પાછળ પાગળ દંપતિઓને એ ખ્યાલ નથી કે 'પુત્ર' સંતાન પ્રાપ્ત કરીને પણ કેટલાંય મા-બાપ પશ્ચાતાપ પણ કરતાં હોય છે. સંસ્કારી-વિનય-સદ્ગુણી પુત્ર જ માતા-પિતાને સાચો સંતોષ-સુખચેન આપી શકે છે.

આજકાલ વિદેશનો મોહ વધારે છે કેમ જાણે સોનાનાં ડુંગર ખોદી લાવવાના ન હોય! ત્યાં માર ખાય-અપમાન થાય છતાં મોહ છૂટતો નથી. દેશના દાલરોટી પણ, જો સ્વમાન સાથે મળે તો એમાં જ સંતોષ રાખવો.

## સુવિચાર

- ઉદ્દેશ શુભ ન હોય તો જ્ઞાન પણ પાપ બને છે - **પ્લેટો**
- સૌંદર્ય એ ઇશ્વરની સૌથી મોટી ભેટ છે - **એરિસ્ટોટલ**
- ભાગ્ય હંમેશાં પુરૂષાર્થ પાછળ ચાલે છે - **ચાણકય**
- એક માત્ર ન્યાયી વ્યક્તિઓ જ મનની શાંતિ માણી શકે છે - **એપિકયુરસ**
- પુસ્તક વિનાનું ઘર એ આત્મા વિનાના શરીર જેવું છે - **સિસરો**
- સંપત્તિવાનને પ્રભુના ધામમાં પેસવા કરતાં ઊંટને સોયના નાકાંમાંથી પસાર કરવાનું સરળ છે - **ઇશુ**
- એકાંત માણસને એક પ્રકારના અનિષ્ટ કરવાની પ્રેરણા આપે છે - **સેનેકા**

## બોધકથા

આજકાલ પ્રધાનશ્રી-નેતાઓ ગુન્હામાં પકડાઇ જાય, બહુ ઉહાપોહ થાય એટલે મુખ્યપ્રધાન કે કેન્દ્ર 'તપાસપંચ' નીમી દે, એનો ચુકાદો આવે જ નહીં અને આવે તો પણ ઘરના ભૂવા જેવો..

અકબરનો પ્રધાન બીરબલ ચતુર હતો એને ખબર હતી કે આપણે કયારેકને કયારેક 'કૌભાંડ'માં ફસાઇ જવાના, એટલે બાદશાહ પાસેથી 'વચન' માગી રાખ્યું હતું, ધારો કે હું પકડાઇ જાઉં તો મારી તપાસ હું કહું એ 'પંચ' ને જ સોંપવી.

એકવાર બીરબલ 'પંદર સો' રૂપિયાના કમીશન આવી ગયો. બે-ત્રણ મુલ્લાએ યોજાયેલ કાવતરાનો ભોગ બન્યો હતો. બાદશાહે પૂછ્યું. બોલ! બીરબલ શું કરશું? બીરબલ કહે, તમે વચન આપ્યું છે એ મુજબ 'ચમાર પંચ' ને મારો કેસ સોંપી દો. એ કહેશે એ મુજબ હું દંડ ભરવા તૈયાર છું..

ચમારપંચના સભ્યોએ પોતાની આવક અને હેસિયતને ધ્યાનમાં રાખી તપાસ કરી પંચે અંદરોઅંદર ચર્ચા કરી દોઢસો રૂપિયાથી સજાની શરૂ કરી પણ બીજા પંચોએ સવા-સો, સો - વગેરે વધુ પડતા જણાયા આખરે પચાસ રૂપિયા પર સર્વસમંતિ સધાઇ.

દિવસનાં, મરેલાં પશુ ઢસડવાનાં માંડ બે રૂપિયા કમાતા ચમારપંચે પચાસ રૂપિયાનો દંડ જાહેર કર્યો. બીરબલે તરત ભરી દીધો.

રાજા, બીરબલ સાથે રહી થોડો ઘણો ચતુર થઇ ગયો હતો. 'પંચ'ની પસંદગીનું રહસ્ય સમજી ગયો; અને મૂછમાં હસ્યો..

# સમગ્ર ભારતભરમાં નૈનીતાલ એક અદ્ભુત જગ્યા છે, હિમાલયની ગોદમાં...! મનને શાંત કરી નાખે એવી !

## નૈનીતાલ : યે કહાં આ ગયે હમ... (ભાગ-૨)

### કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

**(ગતાંકથી આગળ...)**

...અને ૧૮૪૭ સુધીમાં નૈનીતાલ એક ખ્યાતનામ હિલ સ્ટેશન બની ચૂક્યું હતું અને ક્રમશઃ એનો વિકાસ થતો રહ્યો પરંતુ એક દુર્ઘટના રાહ જોઇને બેઠી હતી. ૧૮ સપ્ટેમ્બર ૧૮૮૦ - લેન્ડસ્લાઇટ - ભૂસ્ખલન અને ૮ સેકન્ડની ભીંતર જ ઉત્તરપૂર્વીય ટેકરી જમીન તરફ ધરતી પડી. હોટેલ વિકટોરીયામાં રવિવારની પાર્ટી કરી રહેલા ૧૫૧ જણાં દટાઇ ગયા. સ્ખલિત ભૂમિની ચપેટ્યાં. નૈના દેવી મંદિર, ધરમશાળા અને એસેમ્બલી હૉલ પણ આવી ગયા. સરોવરમાં કિનારે ઘસેલી માટી-પથ્થરનાં લીધે એક નાનું મેદાન બની ગયું. જયાં આજે છોકરાઓ રમતો રમે છે.

સમગ્ર ભારતભરમાં નૈનીતાલ એક અદ્ભુત જગ્યા છે, હિમાલયની ગોદમાં...! મનને શાંત કરી નાખે એવી! આ જોવાલાયક નહીં શાંત કરી નાખે એવી! આ જોવાલાયક નહીં માણવા લાયક સ્થળ છે! ચારે તરફ ફેલાયેલી વાદીઓ - કુમાઇ હિલ્સ એના પર વર્ષોથી ઉભા - ચટ્ટાન જેવા... દેવદાર અને ઑકનાં વૃક્ષો... કયાંય સુધી નજર કરો અને પહાડો પર એક તરંગની જેમ ઊંચા થતા જતા વૃક્ષો... જાણે કોઇએ કતારબધ્ધ ગોઠવ્યા જ ન હોય! સાફ આસમાનમાં મસ્તી કરતા સફેદ વાદળોનાં આકારોની વચ્ચેથી પાંખો ફેલાઇને ઉડતા પક્ષીઓ હિમાલયન સિમ્ફની ઑફ માઉન્ટેન બર્ડઝ્! ચહકતા, ફૂકદતા, ઉડતા, બેસતા, નાચતા.. પાંખો ખોલીને હવાઓને ચૂમતા.. ટહનીઓ અને પાંદડાઓ વચ્ચેથી સૂરો ફેલાવતાં... રંગો એ પછડાયાઓ વચ્ચે ખોવાઇ જતાં પક્ષીઓ! શરીર પર ફેલાતાં સવારનાં સુનહરા તડકા અને સર્દ હવાઓ સાથે વરાળ નીકળતાં ચાનાં કપનો માઉન્ટેન રૉમેન્સ! અને વરાળની પાછળ ઓગળી રહેલું નૈનીતાલ! અહીંયા બેમન કશું નથી... પથ્થરો પણ જાણે તમારી સામે જોઇને હસે છે - કાચ જેવા પાણીમાં પડતો આપણો અક્સ આપણાથી પણ ખૂબસૂરત લાગે છે... નૈનીતાલનાં નૈની લેકમાં બૉટીંગ કરવાની આજ મજા છે. સતત એમ લાગ્યા કરે કે જાણે કે જાણે કોઇ માણસની ધડકતી નસ પર આંગળીઓ મૂકી દીધી... આખું નગર તરાશીને મૂકેલાં શિલ્પો જેવું લાગે... બોટમાંથી!

અહીંયા થોડે દૂર સ્નો વ્યુ પોઇન્ટ છે અને અહીંથી જ હિમાલયનો એક ટુકડો જોવા મળે છે... હજારો કિ.મી. દૂર આવેલો હિમાલય... શ્વેત, શુભ્ર, ધવલ... હિમ-આદ્ર... અડગ... પાસા-પાડેલા હીરાની સપાટી જેવો... તસ્વીરોમાં - પોસ્ટરોમાં હોય બિલકુલ એવો જ... દેખાય... હિમાલયનો એક ટુકડો! અને આ ટુકડો એટલે ભારતનાં સર્વોચ્ચ શિખરોમાં બિરાજમાન એવું નંદાદેવી! પહાડો જોઇને આટલો દિલકશ તોફાની અહેસાસ - ઈલેકટ્રીક રોમાંચ કદી નથી થયો... હિમાલય જાણે લોહીમાં ઓગળીને એડ્રિનાલીનની જેમ વહે છે... સલામ છે એ પર્વતવીરોને જેનાં કદમ એ શિખરની બુલંદીઓ પર પહોંચે છે, જેને હજારો કિલોમીટર દૂરથી જોઇને જ આંખોમાં તોફાન ઊભા થઇ જાય છે! થોડેક દૂર અંદાજે ૩.૫ કિ.મીની દૂરી પર છે નૈના પીક - નૈનીતાલને ઘેરીને ઊભેલી, શાંત પહાડીઓમાં સૌથી ઊંચી - જયાં ચાલતા જવાનું હોય છે, રસ્તો સરળ છે પણ ઊંચાઇ પર છે - જંગલની વચ્ચે ટ્રેકિંગ કરતા જવાનું - જયાં સુવિધા પસંદ સહેલાણીઓની માત્રા લગભગ શૂન્ય હોય છે... રસ્તામાં ચંદ ફોરેનર્સ, ટ્રેકર્સ ગ્રુપ કે યુવાન છોકરાઓ જ જોવા મળે અને તેના કારણે અહીંયા બીજી જગ્યાઓની જેમ પ્રવાસીઓનાં ટોળા નથી હોતા...!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# બાળક પરમાત્માનું રૂપ છે, એની કયારેક અવગણના ન કરીએ, એ પ્રેમ-સ્નેહનો અધિકારી છે એને આપણી પ્રેમની જલધારામાં ભીંજવીએ

## બાળકને પ્રેમની જલધારામાં ભીંજવો...

- હર્ષદ પ્ર. શાહ

સ્નેહ બાળકોનો અધિકાર છે અને માતાપિતાનું કર્તવ્ય. બાળકના મનપ્રદેશની નાજુક અને કોમળ ધરતીમાં જેવું બીજારોપણ થશે તેવું જ એનું વૃક્ષરૂપે વિકાસ થશે. યોગ્ય સમયે જેટલું આવશ્યક હોય તેટલું જળ સીંચવાથી એની ધરતી સુકાઇને બરડ થઇ જતી નથી. એના મનપ્રદેશની ધરતીની ભીનાશ ટકાવી રાખવામાં જ માતા-પિતાની કુશળતા છે. બાળકને સ્નેહ નામનું તત્ત્વ પૂરું પાડવા માટે માતા-પિતામાં ધૈર્ય નામનું તત્ત્વ હોવું જરૂરી છે. સ્નેહથી માતાપિતા અને બાળકના સંબંધો દૃઢ બને છે.

મહારાણી વિકટોરિયાની પુત્રી એલિસનો દસ વર્ષનો પુત્ર કોઇક ચેપી રોગનો ભોગ બન્યો. ડૉકટરોએ કહ્યું કે રોગીથી, એમાંય ખાસ કરીને એના ઉચ્છવાસથી દૂર રહેવું, નહીં તો એની પાસે રહેનાર માટે જાનનું જોખમ છે. ડૉકટરની સલાહ પ્રમાણે બધા લોકો તેનાથી દૂર રહેવા લાગ્યા, પરંતુ એ બાળકની માતાએ તો એને પોતાના ખોળામાં જ રાખ્યો. જયારે મમતાભર્યા આર્દ્ર સ્વરે છોકરએ માને કહ્યું કે, 'મમ્મી! તું મને પ્રેમ નથી કરતી? ચુંબન કર્યે કેટલા દિવસ થઇ ગયા?' આ સાંભળી માતાએ પ્રેમથી એને ચુંબન કર્યું. આથી તેને પણ એ રોગ થઇ ગયો... અને થોડાક જ દિવસોમાં પુત્રની સાથે એ પણ મૃત્યુ પામી, લોકોએ એને છેલ્લી ઘડીએ પૂછ્યું કે તમે આનું પરિણામ જાણતાં હતા છતાં એવું શા માટે કર્યું? એલિસનો જવાબ હતો... 'કારણ કે હું મા છું.' શાહી કબ્રસ્તાનમાં એલિસની કબર ઉપર હજુ પણ તેનાં અંતિમ શબ્દો લખેલા છે - 'કારણ કે હું મા છું.'

જમીનમાં દટાયેલા બીજને અંકુરિત થવા માટે એની આસપાસની ધરતીને થોડી પોચી કરી ખેડૂત કે માળી અનુકૂળતા કરી આપે છે તેમ બાળકના સહજ સ્વભાવિક વિકાસ માટે સ્નેહપૂર્વક વણજોતાં કવચને દૂર કરવાં જોઇએ પ્રેમ... અને પ્રેમ જ બાળકનું એકમાત્ર ઈચ્છિત તત્ત્વ છે. પ્રેમથી સંમોહિત કરી બાળકની પાસે બધું જ સારું કરાવી શકાય અને ખરાબ ટાળી શકાય. તમે ઈચ્છો છો તે બધું જ બાળક ઈચ્છે છે કે અનુસરે છે. આ બધામાંથી એ સાચા-ખોટાંનો, સારા-ખરાબનો ભેદ પારખે એ માટે પ્રેમભરી યુક્તિથી એના નાજુક મન પર કબજો જમાવવો પડશે. પણ યાદ રાખીએ કે બાળકને પણ એની પોતાની ઈચ્છાઓ હોય છે. આપણી ઈચ્છાઓ દરેક વખતે એની ઉપર લાદી દેવાથી કદાચ થોડીવાર માટે એ આપણને કહ્યાગરો લાગે પણ એના મનપ્રદેશમાં દ્વંદ્વ ચાલતું હોય છે. મોટો થાય ત્યારે કેટલીક વાત એ વડીલોને પૂછ્યા વિના જ અમલમાં મૂકી દેશે, કારણ કે એને ના પાડવાનો ભય છે. આ બાબત કેટલી ચિંતા ઉપજાવનારી છે. એનો વિચાર કરજો... અને માટે જ તમે એને તમારી ઈચ્છાઓ નહીં, પ્રેમ આપજો.

એચ. જેકસન બ્રાઉન નામના ચિંતક કહે છે, 'બાળકોને વસ્તુઓ નહીં, વહાલ જોઈએ છે.'

અત્યારની આપણી સ્થિતિ કેવી છે? બાળક જરાક હઠે ભરાયું અને રડ્યું એટલે એને ચૂપ કરાવવા પિપરમીટ, ચૉકલેટ, રમકડું આપી દઈએ છીએ. તાત્કાલિક એ રાજી થાય છે પણ એની જીદ કે આંસુના મૂળમાં શું હોય છે એ આપણે કદી જાણવાનો પ્રયત્ન કરતા નથી. વસ્તુથી ખાલી જગાઓ પુરાય છે પણ હૃદય ભરાતું કે ઉભરાતું નથી માતાની હૂંફ અને પિતાની સમજણનું સ્થાન કોઇ રમકડું ન લઇ શકે. આપણે કેટલો સમય બાળક જોડે ગાળીએ છીએ? એનામાં કેવો અને કેટલો રસ લઇએ છીએ? મોટા ભાગનાં બાળકો મા-બાપ થાય છે પણ એની લાયકાત વિના. શ્રીમંત કુટુંબમાં બાળક ઘરનાં ફર્નિચરનો એક ભાગ હોય એમ જ રહે. માગે તે આપો. રડતું બાળક અટકાવો. અવાજ સહન નથી થયો. શાંતિ ખરીદો... શાંતિ અને સુખ કદી ખરીદાય નહીં! બાળક જો બહુ રહે તો ડ્રાઈવર અને આયા જોકે કારમાં ફરવા મોકલી આપો.

ગરીબના ઘરમાં બાળકને લાડ લડાવવા જેટલો સમય કે ઉત્સાહ કદાચ નથી હોતો. નાનકડી ઓરડીમાં સ્થિતિ કેવી?...

ધોઇને ઊંધાં મૂકેલા વાસણોની પાસ
બે આડાં પડેલાં બાળકો
શ્રીમંતના ઘરમાં નકામી વસ્તુના જેવાં...

પ્રેમને ગજવા સાથે કોઈ સંબંધ નથી. બાળકને તમારું વહાલ જોઈએ છે. જેટલો સમય ફાળવી શકો એટલો સમય એના થઈને રહો. બાળક ચિત્ર દોરતું હોય તો એ ચિત્રમાં રંગ કઈ રીતે પૂરે છે, કયો રંગ પૂરે છે એમાં પણ થોડોક તો રસ લો! બાળક માટીમાં રમે છે... માટી ખાય છે. તમે બહુ મોટા છો એ પળવાર ભૂલી એની સાથે માટીમાં રમો, માટીના જુદા જુદા આકાર બનાવો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૧૧મી મે

**શિક્ષણશાસ્ત્રી પ્રાણલાલ દેસાઇની જન્મજયંતિ**

તા. ૧૧-૫-૧૮૯૨ શિક્ષણશાસ્ત્રી પ્રાણલાલ દેસાઈની જન્મજયંતિ. પ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ સુધારવા મુંબઈ સરકારે નીમેલી સમિતીના સભ્ય હતા. ૧૯૫૧માં તેમનું અવસાન થયું.

- નૃત્યકલા મારફતે ગુજરાતનાં સંસ્કાર ધનની અભિવૃધ્ધિ કરનારા મૃણાલીની સારાભાઈનો જન્મદિન - ૧૯૨૮. ભરતનાટ્યમ, કથ્થકલીમાં ઉત્કૃષ્ટ પ્રદાન અણુ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના ધર્મપત્ની. 'દર્પણ' નામની નૃત્યકલાસંસ્થાના સ્થાપક હતા.
- સૌપ્રથમ છપાયેલું પુસ્તક 'હિરકસૂત્ર'. ૮૬૮ માં છપાયા બાદ ૧૯૩૫માં ગુફામાં મૂકી દીધેલું. ૧૯૦૦ માં મળી આવ્યું.
- સોમનાથના નવા મંદિરના લિંગ પ્રતિષ્ઠા મહોત્સવનું રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના હસ્તે ઉદ્ઘાટન - ૧૯૪૯.
- કવિશ્રી ભોળાનાથ દિવેટીયાનું અવસાન - ૧૮૮૬.

# વોલ્ટાના કોષમાં વિદ્યુત દ્રાવણ તરીકે શું હોય છે?




## વિષય : વિજ્ઞાન

(૧) દરિયાઇ મુસાફરો દિશા જાણવા શાનો ઉપયોગ કરે છે?
(અ) દીવાદાંડી (બ) હોકાયંત્ર (ક) દૂરબીન (ડ) સૂર્ય
(૨) નીચેના પૈકી કઇ ધાતુ ભારે છતાં નરમ છે?
(અ) કોપર (બ) મેગેનીઝ (ક) સોડિયમ (ડ) લેડ (શીશુ)
(૩) સજીવ કોષોની રચનાઓ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા કયુ સાધન વપરાય છે?
(અ) સાદુ સૂક્ષ્મધ્યેય યંત્ર (બ) સંયુક્ત સૂક્ષ્મદર્શક યંત્ર
(ક) ટેલિસ્કોપ (ડ) વિજાણુ સૂક્ષ્મદર્શક યંત્ર
(૪) નીચેનામાંથી કયો અનિયમિત આકારનો પ્રજીવ છે?
(અ) અમીબા (બ) પેરામિશિયમ
(ક) બિલાડીનો ટોપ (ડ) પ્લાઝમોડિયમ
(૫) નીચેનામાંથી કયા મહાનુભાવ 'મિસાઇલ મેન ઓફ ઇન્ડિયા' તરીકે ઓળકાય છે?
(અ) ડો. વિક્રમ સારાભાઇ (બ) અટલ બિહારી વાજયેપી
(ક) ડો. અબ્દુલ કલામ (ડ) બીરબલ શાહની
(૬) પૃથ્વી પર ગોઠવાયેલા ચુંબકનો દક્ષિણ ધ્રુવ શાના પર ગોઠવાશે?
(અ) પૃથ્વીના ભૌગોલિક ઉત્તર ધ્રુવ તરફ (બ) બંનેની વચ્ચે (ક) પૃથ્વીના ભૌગોલિક દક્ષિણ ધ્રુવ તરફ (ડ) ત્રણોમાંથી એક પણ નહીં.
(૭) જો પૃથ્વી પરથી બધી જ વનસ્પતિ ગાયબ થઇ જાય તો તેની સાથે નીચેનામાંથી કયો વાયુ ગાયબ થઇ જાય?
(અ) કાર્બન ડાયોક્સાઇટ (બ) નાઇટ્રોજન
(ક) ઓક્સિજન (ડ) હાઇડ્રોજન
(૮) શરીરમાં આયોડિનની ઉણપથી કયો રોગો થાય છે?
(અ) સ્કર્વી (બ) પેલાગ્રા
(ક) ગોઇટર (ડ) પોલિયો
(૯) કયુ સંયોજન સંઘનન પોલિમર છે?
(અ) નાઇલોન (બ) ફોર્માલીસ્ટ
(ક) ફોર્મિક એસિડ (ડ) પી.વી.સી.
(૧૦) પોર્ટલેટ સિમેન્ટ પથ્થર જેવો કયારે બની જાય?
(અ) રેતી ઉમેરવાથી (બ) ભેજવાળી હવાના કારણે
(ક) મીઠું ઉમેરવાથી (ડ) ગરમ કરવાની
(૧૧) રેતીનું રાસાયણિક નામ શું છે?
(અ) સોડા એશ (બ) સિલિકા
(ક) કાર્બનિક એસિડ (ડ) બાયકાર્બોનેટ
(૧૨) ગુજરાતમાં ઇસરો સંસ્થા કયાં આવેલી છે?
(અ) રાજકોટ (બ) ગાંધીનગર (ક) અમદાવાદ (ડ) વડોદરા
(૧૩) વિદ્યુત ચુંબકત્વના વિકાસમાં કયા વૈજ્ઞાનિકનો ફાળો મહત્ત્વનો છે?
(અ) ઓરસ્ટેડ (બ) ફેરડે (ક) કુલંબ (ડ) થોમસન
(૧૪) સંગ્રાહક કોષમાં ઋણધ્રુવ તરીકે શું હોય છે?
(અ) સીસાની પટ્ટી (બ) લેડ ઓકસાઇડની પટ્ટી
(ક) તાંબાની પટ્ટી (ડ) જસતની પટ્ટી
(૧૫) વોલ્ટાના કોષમાં વિદ્યુત દ્રાવણ તરીકે શું હોય છે?
(અ) મંદ સલ્ફ્યુરિક એસિડ (બ) નવસારની ભૂકી
(ક) મંદ હાઇડ્રોકલોરીક એસિડ (ડ) નવસારનું દ્રાવણ

## ● વિવિધા ●

**વિષય :- વિશ્વની સૌથી ઊંચી વનસ્પતિઓ**

(૧) નીલગીરી : સયુષ્ય વનસ્પતિમાં સૌથી ઊંચુ (૧૩૨ મીટર)
(૨) કિનારાનું સીસમ : શંકુ આકારની સૌથી ઊંચી અનાવૃત્ત ઘાટી વનસ્પતિ (૧૧૨ મીટર)
(૩) જાયન્ટ કલ્પ : દરિયાઇ વનસ્પતિ (૬૦ મીટર)
(૪) વાંસ : લોકડિયું ઘાસ (૩૭ મીટર)
(૫) વિરાટ સમુહ શેવાળ : ૩૦ મીટર (લુપ્ત થયેલ છે)
(૬) મહા અશ્વ પુચ્છ : ૩૦ મીટર (લુપ્ત થયેલ છે)
(૭) વૃક્ષ હંસરાજ : ૧૮ મીટર
(૮) સેગુઆરો થોર : ૧૬ મીટર
(૯) કેલી ઘાસ : ૫.૫ મીટર

## ગયા સપ્તાહનો સવાલ...?

**સવાલ - ભારતીય જનતાપાર્ટીના કયા ભૂતપૂર્વ અધ્યક્ષ લાંચ લેતા પકડાયા હતા?**
**જવાબ - બાંગારૂ લક્ષ્મણ**

## સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ૬૨૦/૧, સે-૬બી
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) પટેલ આકાશ. જી : સે-૩૦
(૭) રેખા મહેશભાઇ જાદવ : સે-૩૦
(૮) હાર્દિક. મુકુન્દરાય ભટ્ટ : સે-૨૪

## ● પૂછું એક સવાલ...?

(૧) રાજ. પી. સોલંકી : સે-૬ડી થી
પ્રશ્ન - આગબોટની શોધ કયારે થઇ?
જવાબ - ઇ. સ. ૧૮૦૭ (રોબર્ટ ફુલટન)
(૨) વત્સલ એ. ઓઝા : સે-૩૦થી
પ્રશ્ન - પાંખ વિનાનું પક્ષી કયું છે?
જવાબ - કિવી
(૩) કિષ્ણા. ટંક : સે-૬થી
પ્રશ્ન - માણસની અવાજ કરવાની ક્ષમતા કેટલી?
જવાબ - ૮૦ - ૧૧૦૦ હટર્ઝ
(૪) હાર્દિલ. એસ. વોરા : સે-૨૨થી
પ્રશ્ન - આસોપાલવનું હિન્દી નામ શું છે?
જવાબ - દેબદારૂ
(૫) જય. એમ. પટેલ : સે-૨૮થી
પ્રશ્ન - વિશ્વનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર કયું છે?
જવાબ - સુપીરિયર (૮૨,૪૦૦ ચો. કિ.મી.)

(અનુસંધાન પાના નં. ૬ પર)

## હોંશિયાર બકરી

એક ભરવાડ હતો. તે બકરીઓને જંગલમાં ચરાવવા માટે લઇ જાય. એકવાર એક બકરી ભૂલી પડી ગઇ અને જંગલમાં એકલી રહી ગઇ.

અંધારું થતું ગયું. પણ રસ્તો મળે નહીં, બકરી હિંમત હારી નહીં. તેણે આજુબાજુ ધ્યાનથી જોયું તો એક જગ્યાએ સિંહનું પગલું પડ્યું હતું. તેની આસપાસ નાનું કુંડાળું બનાવીને બાજુમાં બેસી ગઇ.

થોડીવારમાં એક ઝરખ આવ્યું. અને બકરીને કહે, 'તને ખાઇ જાઉં.' બકરી જરા પણ ડર્યા વગર કહે, 'જો, આ કોનું પગલું દેખાય છે?' ઝરખ કહે, 'આ સિંહનું પગલું છે.' ઝરખ કહે, 'હં, સિંહ નદીમાં નહાવા ગયો છે અને હું તેના પગલાનું ધ્યાન રાખીને બેઠી છું. સિંહે મને અહીં બેસવાનું કહ્યું છે.' ઝરખ આ સાંભળીને નરમ પડી ગયું. કહે, 'એમ વાત છે બહેન? તો હું તમને ખાઇશ નહીં, પણ મહેરબાની કરીને સિંહને વાત કરશો નહીં મારી.' સિંહની બીકથી ઝરખ જતું રહ્યું. બકરીને આ ઉપાય યોગ્ય લાગ્યો.

પછી તો થોડી થોડી વારે રીંછ, દીપડો, વરૂ આવવા લાગ્યાં. પણ કોઇ બકરીનું નામ લઇ શક્યું નહીં.

એમ કરતાં કરતાં સવાર પડી અને અજવાળું થયું એટલે બકરી ઝડપથી ઘરે પહોંચી ગઇ.

મુશ્કેલીમાં ગભરાઇ ગયા કરતાં શાંતિથી વિચાર કરીએ તો રસ્તો મળી જાય છે.




## પાંખો મળે તો...

**પાંખો મળે તો ઊડી જાઉં**
**મારે ચાંદલિયાને દેશ**
**જઇ ચંદાને પૂછવું**
**અમાસે જાય કયાં વિદેશ?**
**પાંખો મળે તો ઊડી જાઉં**
**મારે સૂરજદાદાને ઘેર**
**મળીને મારે એને વઢવું**
**કેમ ઉનાળે વરતાવે કાળો કેર?**
**પાંખો મળે તો ઊડી જાઉં**
**મારે તારલિયાને દેશ**
**પહોંચીને મારે તો જોવું**
**પૂરો કયાં થાય એનો દેશ?**

- સંજય બાપોદરિયા

## મીંડા જોડીને મેળવો મહેતાજી કયાં સૂતા છે?




એક વિશાળ મકાનમાં બાંધકામનું આ દૃશ્ય છે. સર્વેયર ઊંચાઇ તપાસે છે. લુહાર ગર્ડરો જોડે છે. ઈજનેર સાહેબ મહેતાજીને શોધે છે. પણ મહેતાજી મહેતાગીરી કરવાને બદલે આરામથી સૂતા છે. એ શેને અઢેલીને સૂતા છે એ જાણવા માટે આંકડા ૧ થી ૧૬ જોડવા પડશે.

### બાળ મિત્રો,

હમણાં જ અમદાવાદમાં ખૂબ મોટો એવો પુસ્તકમેળો યોજાઇ ગયો. તેમાં દેશભરમાંથી પ્રસિધ્ધ થતાં પુસ્તકો વેચાણ માટે હતા.

બની શકે કે તમારામાંથી કોઇ કોઇએ એની મુલાકાત લીધી હોય. આમ તો પુસ્તકો વાંચવાનો શોખ આપણને હોવો જ જોઇએ. પણ વાંચનનો શોક ન હોય તો પણ કેળવાય તે માટે સરકાર અને ઘણી બધી સંસ્થાઓ આ માટે પ્રયત્ન કરે છે. અને આપણે પુસ્તકોની નજીક ન જઈએ તેવા સંજોગોમાં દેશભરમાં પુસ્તકો આપણી સમક્ષ ખડાં કરી દે છે અને વિવિધ પુસ્તકોમાંથી આપણી રૂચિ મુજબનાં હોય તે આપણે ખરીદીએ અને વાંચીને તે માટે મહેનત કરે છે. ત્યારે આપણે પણ સારાં પુસ્તકોની યાદી બનાવી ખરીદવાં અથવા લાઈબ્રેરીમાંથી લાવીને પણ વાંચવા.

ઉનાળાની આ ગરમી અને વૅકેશન છે ત્યારે આપણે મોટા ભાગનો સમય વાંચન માટે કાઢીશું તો સમયનો સદ્પયોગ થશે અને ગરમીમાં ઘરે બેસી વાંચતા રહેવાથી તબિયત પણ સારી રહેશે - માંદા પડવાનો ભય નહીં રહે. તો બને તો રોજ એક સરસ ચોપડીની વાર્તા વાંચવી એવો નિયમ કરવા જેવો ખરો!

## વિશિષ્ટ ભારત

⇨ અંહિસા, સત્યાગ્રહ અને અસહકારની લડત આપી ભારતે સ્વાતંત્ર્ય મેળવ્યું.
⇨ વિશ્વના લોખંડના કુલ જથ્થાનો ચોથો ભાગ ભારત પાસે છે.
⇨ તમિલનાડુના મદુરાઈ શહેરમાં એક હજાર થાંભલા ધરાવતું મીનાક્ષી મંદિર છે.
⇨ વિશ્વમાં ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન અજંતા-ઈલોરાની ગુફાઓ છે.
⇨ ભારત વિશ્વનો સૌથી મોદો દ્વિપકલ્પ છે.
⇨ ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓ દ્વારા રચિત સુંદરવન દુનિયામાં સૌથી મોટો મુખત્રિકોણ પ્રદેસ છે.
⇨ ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં સંશોધન કરતી એક માત્ર સંસ્થા 'અટીરા' ભારતમાં છે.